


## સલામી સવારની..

*છૂટે જામીન પર છતાં એનો ભરમ તો જૂઓ!*
*નિકળે સ્વાગત રેલી એની બે-શરમ તો જૂઓ!*
*નરમ માને ન્યાયને, કરમ-ધરમ તો જૂઓ!*
*ધ્રૂજો સત્ય, રડે કાયદા એના જુલમ તો જૂઓ!*
*(શાહબુદ્દીન રાજાનું સ્વાગત!!)*

હાઈકુ

*ધો સમાચાર!*
*જો શાંતિ હોય તો જ -*
*આ રોજનું થયું!!*
*(હુમલાને શહીદોની સંખ્યા)*

*મૂકે કોરાણે -*
*આ ઉત્તર-કોરિયા,*
*આખા વિશ્વને...*
*(ચીન-રશિયા-અમેરિકા ચિંતામાં)*

### ચિંતન

**સ્વાર્ત ધનાનિ ધનિકા ત્પ્રતિ ગૃહાતો યદ્ આસ્યં ભજેન્મ લિનતાં કિમિદં વિચિત્રમ્ ।**
**ગૃહાનપરાર્થમપિ વારિનિધેઃ અયો અપિ મેઘો અય મેતિ સુકલો અપિ ચ કાલિમાનમ્ ॥**

સુભાશિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'યાચક નિંદા' નામના અધ્યાયનો આ શ્લોક છે :

મેઘ-વાદળ, બીજા લોકો - નદી - તળાવ - પર્વતો અને જનસમૂહના કલ્યાણ માટે જ સમુદ્ર પાસેથી જળની યાચના કરે છે માંગ છે તો પણ પાસેથી જળની યાચના કરે છે માંગ છે તો પણ વાદળનું મુખ કાળું પડી જાય છે. આ ચોરી-માગણવૃત્તિની કાલિમા છે એ તો નિશ્ચિત.

- તો પછી પોતાના સ્વાર્થ - પેટ માટે યાચના કરતા સ્વાર્થી યાચકો જન-ધનિક જેવા સમુદ્ધિના સાગર પાસે જો ધન માગે તો તેમનો ચહેરો 'મ્લાન' મેલો - કાળો પડી જાય એમાં તો કોઈ આશ્ચર્ય જ નથી. અર્થાત્ સ્વાર્થ માટે યાચના કરવી - માગણી કરવી એ મલિન કાર્ય છે. ક્ષોભથી ચહેરા પર કાલિમા છવાઈ જાય છે.

### સુવિચાર

- સૂતી વખતે ચિંતા કરવી, એટલે પીઠ પર વજન બાંધીને સુવું - **જનકલ્યાણ**
- આપણા સુખનું બીજામાં આરોપણ એટલે પ્રેમ - **બર્નાડ શો**
- દુ:ખી થવાનો ટૂંકો અને સચોટ રસ્તો કે પોતાના સુખની જ ચિંતા કર્યા કરો - **સંત પુનિત**
- કોઈ પણ કાર્યમાં વિજય મળે કે પરાજય એ એટલું મહત્ત્વનું નથી, પણ તમે એ કાર્ય માટે કરેલા પ્રયત્નોમાં કેટલો પ્રાણ પૂર્યા એ જ મહત્ત્વનું છે - **ચાણક્ય**
- દાનથી હાથની શોભા વધે છે, આભૂષણોથી નહીં - **ચાણક્ય**
- કીર્તિ એવી ચીજ છે કે જે માણસે કમાવી પડે છે.
  ગૌરવ એવી ચીજ છે કે જે ખોવી ન જોઈએ - **વજુ કોટક**
- કોઈ પણ કાર્ય માટે તમને સમય તો મળવાનો નથી ત્યારે એ
  સમયને તમારે વર્તમાનમાંથી ચોરવો જ રહ્યો - **હેન્રી ફોર્ડ**
- આજનું ઔષધ : નવશેકુ દિવેલ વાળના મૂળમાં હળવે હાથે માલીશ કરવાથી ખરતા વાળ અટકે છે.

### બોધકથા

આજકાલ વિશ્વમાં ધાર્મિક જેહાદના નામે કટ્ટરતા ફેલાતી જાય છે, નિર્દોષ-સ્ત્રી બાળકો સહિત આતંકના ખપ્પરમાં હોમાય છે. 'ધર્મ' અને 'જેહાદ' ના નામે અંધ સંગઠ્ન ભાન ભૂલી 'હત્યા' કરે છે.

દિલ્હીનો પૂર્વ બાદશાહ નાદિર શાહ પણ આવો જ ધર્માંધ-આતંકી હતો અને વિધર્મીઓની હત્યા કરતો. હત્યાઓ ક્રૂર રીતે કરતો - કરાવતો, લગભગ વિધર્મીઓને વીણી વીણી મારી નાખ્યા. તેનો વજીર તટસ્થ અને સાચો મુસલમાન હતો. એ સમજતો હતો કે બાદશાહ ખોટું કરે છે પણ તેને અટકાવવામાં જીવનું જોખમ હતું.

નાદિર શાહ એક સંધ્યાકાળે નમાજ પઢવાની તૈયારી કરતો હતો ત્યારે વજીરે લાગ જોઈ - અમીર ખૂસરોનો એક શેર કહ્યો : આપકી કહર કી નિગાહ સે બચ ન શકા કોઈ । આપને સબકો માર ડાલા નિગાહ નાઝ સે ॥ અબ ઉન્હે જિન્દા ભી કર દો નિગાહેં લુફ્ત સે -

અર્થ : બાદશાહ! તમે લોકોના પ્રાણ લેવામાં તો ખૂબ જ સક્ષમ છો, પણ તમે એનું જીવન પાછું આપી શકો છો? તો એમને જીવતા કરી શકો તો સારું - ફરીથી મારી તો શકાય! અન્યથા લાશોથી ભરેલી દિલ્હીમાં હવે મારશો કોને ?! નાદિર શાહ કટાક્ષ સમજ્યો - આતંક અટકાવ્યો.

# બલિપ્રથાનો વિકલ્પ છે સંપત્તિની કુરબાની

મનુષ્ય અન્ય પ્રાણીઓની સરખામણીએ વધુ વિચારશીલ, બુદ્ધિશાળી અને સ્વાર્થી જીવ છે. ઉત્ક્રાંતિમાં એ સર્વોચ્ચ શિખરે પહોંચ્યો છે. સમસ્ત જીવસૃષ્ટિ અને પ્રકૃતિ પર એણે આધિપત્ય જમાવ્યું છે. છતાં એને પોતાના કરતાં પણ કોઈ શક્તિશાળી એવા અગોચર તત્ત્વનો આભાસ થતો જ રહ્યો છે, જે સમસ્ત બ્રહ્માંડનું સંચાલન અને નિયંત્રણ કરે છે. એ તત્ત્વને કોઈએ ઈશ્વર કહ્યો, કોઈએ પરમાત્મા, કોઈએ અલ્લાહ કે ગોડ. આ અગોચર પરમ તત્ત્વની પ્રસન્નતા માટે મનુષ્ય નિરંતર પ્રયત્નશીલ રહ્યોછે. એને પણ કશુંક પ્રિય લાગે એવું ભેટ સ્વરુપે ધરવાની ધખનામાં જ બલિદાન અને યજ્ઞ જેવા ઉપક્રમોનું મૂળ સમાયેલું છે. બૌદ્ધ અને જૈન ધર્મ સિવાય દરેક ધર્મમાં બલિદાનનો મહિમા છે. આપણી પ્રસિદ્ધ શક્તિપીઠોમાં આજે પણ બલિપ્રથા અમલમાં છે. કામાખ્યા અને કાલી મંદિરોમાં તો રોજેરોજ લોહીની નદીઓ વહે છે. અગાઉ અંબાજીમાં પણ દાંતા ઠાકોરના હસ્તે પાડો વધેરાતો હતો. મનુષ્યની કરુણા અને સમજણ મુજબ આવી પ્રથાઓમાં કાલાન્તરે પરિવર્તન આવતું રહ્યું છે. નિર્દોષ જીવોના લોહીથી માતા થોડી રાજી થાય? માતાને મન તો તમામ જીવ એનાં સંતાન ગણાય. પરંતુ તત્કાલીન શાસ્ત્રકારે જે કર્મકાંડ નક્કી કર્યો હોય એવી અવેહલનાથી વળી પાછો કુદરતી કોપ ઊતરશે તો? આવી સ્વાર્થપૂર્ણ દહેશતથી બલિપ્રથા સદંતર બંધ થવી મુશ્કેલ છે. હા, પ્રાણીને બદલે કોળું કે નારિયેળ વધેરીને પ્રતીકાત્મક બલિ ચઢાવનારો એક વર્ગ પણ છે જ. સવિશેષ આવી સમજણ સુધરેલા, સંસ્કારી, ભદ્રલોક પૂરતી મર્યાદિત રહેવા પામી છે. બાઈબલ અને કુરાન જ નહીં, વેદ સહિતનાં હિંદુ ધર્મગ્રંથો પણ બલિપ્રથાની હિમાયત કરે છે. પરિણામે આપણા મહાન રાજા-મહારાજા અશ્વમેધ યજ્ઞો કરતા રહ્યા, જેમાં દેશ આખામાં ભ્રમણ કરી પાછઆ ફરેલા વિજેતા અશ્વને હોમવામાં આવતો. અશ્વમેધથી આગળ વધી નરમેધ સુધીના કર્મકાંડોનો ઈતિહાસ જાણીતો છે. આ કર્મકાંડના વિરોધમાં જ બૌદ્ધ અને જૈન ધર્મ શરુ થયા. બકરી ઈદ પણ આવો જ એક બલિદાનનો ઉત્સવ છે, જેની પાછળ સર્વશક્તિમાન પરમાત્માને પોતાનું પ્રિય પ્રાણી સમર્પિત કરવાનો આશય રહેલો છે. હજરત ઈબ્રાહીમને ગૂઢ આદેશ થયો કે એની પ્રિયમાં પ્રિય વસ્તુ અલ્લાહને સમર્પિત કરે. ઈબ્રાહીમે પોતાના લાડકવાયા પુત્રનું જ બલિદાન

**તંત્રીસ્થાનેથી...**

આપવાનો સંકલ્પ કર્યો ત્યારે ઈશ્વરે જુદી જ લીલા કરી. આંખો મીંચીને પુત્રની ગરદન પર ઘા કરવા જતા હતા ત્યાં પુત્રની જગ્યાએ ઘેટો આવી ગયો. સંભવ છે કે આવું બન્યું હોય. આ દંતકથા પણ હોઈ શકે. પરંતુ મહાપુરુષોના જ પગલે બાકીની પ્રજા ચાલતી હોય છે. તેથી બકરી ઈદ એ કુરબાનીનો પવિત્ર ઓચ્છવ બની ગયો. હજયાત્રાને અંતે હજયાત્રીએ કુરબાની કરવી પડે છે. ઈસ્લામ વિશ્વનો સૌથી યુવાન ધર્મ છે. એ સત્ય, નેકી, ટેકી અને અમનની સાથે જ સમર્પણ-કુરબાનીનો સંદેશ આપે છે. આપણે ઈચ્છીએ કે કુરબાનીની પ્રતીકપ્રથા સ્વરુપે નિર્દોષ પ્રાણીઓને બદલે ધનસંપત્તિની કુરબાની અપાતી થાય. સામટાં લાખો-કરોડો પ્રાણીઓની કતલથી પ્રકૃતિ અને પર્યાવરણનું સંતુલન જ જોખમાતું હોય છે. જે પ્રાણીઓની કતલ થાય છે તે જ ગરીબોને ઉત્પાદક, રોજી રળી આપનારાં બની શકે. જેમ પ્રાણીની જગ્યાએ કોળું કે નારિયેળ વધેરવાની પ્રથા શરુ થઈ તેમ ઈસ્લામની કરુણા પણ ગરીબો માટે ફળો વહેંચવામાં પરિવર્તિત થશે તો ખુદાતાલા વધારે ખુશ થશે, એમાં શંકાને સ્થાન નથી.

# 'I HAVE NO TIME' કહેવું આજકાલ સ્ટેટ્સ સિમ્બોલ છે

હમણાં જ એક સ્મરણીય પ્રસંગ બન્યો, હું અને મારા મિત્ર ગાડીમાં અમદાવાદ તરફ જોઈ રહ્યા હતા, ત્યારે 'ગ' રોડ ઉપર એક વૃદ્ધની આસપાસ અર્ધનગ્ન, ચીંથરેહાલ લાગતા નાના ભૂલકાઓનું ટોળું ઊભું હતું, અને દાદા તેમને કશુંક આપતા હતા, અમે કુતુહૂલવશ આગળ જઈને ગાડી ઊભી રાખી, અને પાછા તેમને મળવા આવ્યા તો એ વૃદ્ધ છોકરાઓને પીપરમીંટ વહેંચતા હતા, કદાચ નિંદા ફાઝલીના શબ્દો તેમણે જીવનમાં બરાબર ઉતાર્યા હતા.

'ઘર સે મસ્જિદ હૈં બહોત દૂર ચલો યૂં કર લે,
કિસી રોતે હુએ બચ્ચે કો હસાયા જાયે'

વધારે પૃચ્છા કરતા ખબર પડી કે તેઓ નિવૃત્ત અધિકારી હતા, અને ફક્ત પીપરમીંટ જ નહીં, ઘણું બધું હતું એમની પાસે. બીજા ખભે જે થેલો હતો તેમાં લોટ હતો, કીડીયારું પૂરવા માટે. આમ કરવાનો દાદાનો રોજનો ક્રમ હતો. ૧૫ મિનિટ અમે રસ્તા ઉપર ઊભા-ઊભા ગાળી હશે, તેમના વિશે - તેમના પરિવાર વિશે વિગતે વાત કરી અને અમારો પરિચય આપ્યો, ત્યારબાદ આ ઉમદા વ્યક્તિના ઉમદા કાર્યને બિરદાવીને છૂટા પડ્યા.

એક વખત નર્મદા કેનાલ ઉપરથી પસાર થતી વખતે જોયું કે એક ભાઈ સ્કૂટરને પુષ્કળ કીક મારી રહ્યા છે, સ્કૂટર ચાલુ થતું નથી, અમારે આગળ જવાની ઉતાવળ હતી, થોડા આગળ ગયાને મન ન માન્યું તેથી પાછા વળ્યા, પૂછ્યું કે ભાઈ શું થયું છે? પેટ્રોલ ખૂટી ગયું? પ્લગમાં કચરો છે? તમે આગળ ચાલો ધક્કા મારતા-મારતા આપણે પેટ્રોલપંપ પર જઈએ, અને ત્યારબાદ જાણે સ્કૂટર પણ માનવતાની કસોટી કરવા જ ઊભું રહ્યું હોય તેમ અમે ફક્ત મદદ કરવાની વાત કરી ત્યાં તો ચાલું થઈ ગયું.

ઉપરના બંને પ્રસંગોમાં આમ જોવા જઈએ તો વિશેષ કાંઈ જ નથી, આપણામાંનો દરેક વ્યક્તિ આ કરી શકે તેમ છે, પ્રથમ પ્રસંગમાં ૭૫ વર્ષના વૃદ્ધને જયારે તેમના ઉમદા કાર્ય માટે અમે અભિનંદન આપ્યા ત્યારે તેઓ ગદ્‌ગદ્ થઈ ગયા, અને જાણે કોઈ સંસ્થા તરફથી તેમનું બહુમાન કરવામાં આવ્યું હોય તેવી લાગણી, તેવા ભાવ તેમના મુખ પર જોવા મળ્યા. વિશેષ કોઈ ખર્ચ આ કામ કરવામાં નહોતો થયો, હા ફક્ત જરા થોડો સમય જ ખર્ચાયો હતો.

બીજા પ્રસંગમાં સૂમસામ રોડ ઉપર કીક મારી-મારીને થાકી ગયેલ વ્યક્તિ, ભરબપોરે પરસેવે રેબઝેબ થઈ ગઈ હોય, ગળે શોસ પડતો હોય, ટાંટીયાની કઢી થઈ ગઈ હોય, ત્યારે તમને ત્યાં આવીને કોઈ પૂછે કે કેમ ભાઈ શું થઈ ગયું છે? કંઈ મદદ કરું? સાક્ષાત ભગવાન મળ્યા હોય તેવું લાગે ને! સામેનો વ્યક્તિ જે મુશ્કેલીનો સામનો કરી રહ્યો છે - તેની જગ્યાએ તમારી જાતને મૂકી ઘો. તેની મુશ્કેલી તરત સમજમાં આવી જશે. આમાં પણ શું ખર્ચાયું તમારું? પૈસાનો વ્યય તો થયો નથી કે જેની ગણતરી ઉપર અત્યારે તમે અને હું ચાલીએ છીએ. હા ! બગાડ થયો થોડા સમયનો ! ઑફિસથી રીસેસમાં એક અડદી ચા પીવા માટે કે વ્યસનની ટેવ હોય તો સિગારેટના ધુમાડા પાછળ પણ આપણે અમૂલ્ય સમય વાપરીએ જ છીએ ને! ત્યાં કયાં પૈસાની ગણતરી કરીને ચાલીએ છીએ?

જરા ઊંડાણથી વિચાર કરીએ તો વ્યક્તિ-વ્યક્તિ આવી રીતે નિકટ આવવાના પ્રસંગ બને છે તે સમાજ-જીવન માટે મહત્ત્વના છે. પણ આપણે આપણા વર્તુળમાંથી બહાર નીકળતા જ નથી, ઈનમીનતીન અને બહુ બહુ તો બાજુવાળા રમેશભાઈને ઓળખીએ! ખલીલ ધનતેજવીએ સાચું કહ્યું છે :




લોક પાડોશીને પણ ના ઓળખે !
એ જ ખૂબી છે બિરાદર શહેરમાં,
રાખજે ખિસ્સામાં સરનામુ ખલીલ,
છે અકસ્માતો ભયંકર શહેરમાં.

કોકવાર આવું કોઈ પરાક્રમ (એટલે ઉપરના બે પ્રસંગો જેવું) કરી જોજો. અથવા જેને અનુભવ હશે તેને ખબર હશે. આમ કરવાથી આપણે કેટલી હળવાશ અનુભવીએ છીએ ? જયારે સામા વ્યક્તિની સાથે સંવાદ કરતા હો ત્યારે એને જે સંતોષ મળે છે, જે આનંદ પ્રાપ્ત થાય છે, તેમના એ સંતોષ અને આનંદ જ આપણને આનંદિક બનાવે છે.

પણ આજકાલની આપણી આ ફાસ્ટ લાઈફમાં આપણી પાસે જો સૌથી મોટી અછત હોય તો તે સમયની છે. આપણું કામ પેલા કાળા બજારીયાં જેવું છે. પુષ્કળ પ્રમાણમાં વસ્તું હોય પરંતુ તેનો ગોડાઉનમાં સ્ટૉક કરીને પછી બજારમાં તેની અછત ઊભી કરી દીધી છે. **I Have No Time** કહેવું સ્ટેટ્સ સિમ્બોલમાં ખપે છે.

સવારે ઊઠીને પ્રાત:વિધિ પતાવવી, ચા-નાસ્તો કરી નોકરી ધંધે લાગવું, સાંજે આવી ખૂબ

અનુસંધાન પાના નં. ૭ પર

# લાખેણા લાખાભાઈને હેમુ ગઢવી એવોર્ડ

લોકહૈયામાં બીરાજેલા હેમુ ગઢવીની ઓચિંતી વિદાયને પાંચ દાયકાનો સમય જોત જોતામાં પસાર થયો છે. હેમુભાઈ જાણે કાર્યક્રમો – નાટકો તથા આકાશવાણીના માધ્યમથી સૌરાષ્ટ્ર-કચ્છના ગામડે ગામડે પહોંચ્યા હતા. અચાનક તેઓના જવાથી લોકસાહિત્યના ચાહક વર્ગમાં એક સન્નાટો પ્રસરી ગયો હતો. આમ થવા પાછળના કારણો પણ હતા. હેમુ ગઢવીની ખોટ કોણ પૂરી શકશે ? લોકોના મનમાં આ પ્રશ્ન ઘોળાતો હતો. આવા ચિંતા તથા આતુરતાના કપરા કાળમાં જાંબુડાની ધરતીનું ધાવણ ધાવીને ઉછરેલો એક યુવાન ચારણ લોકસાહિત્ય જગતના મેદાનમાં આવ્યો. નમ્રતા – વિવેક તથા સંપૂર્ણ આત્મવિશ્વાસ સાથે આ કલાકારે સાહિત્ય સેવાના પડકારરૂપ કાર્યમાં અને કપરા કાળમાં ઝંપલાવ્યું. આ કલાકારના બુલંદ અને મીઠા અવાજ તરફ લોકસાહિત્યના ચાહકોનું ધ્યાન ગયું. જાંબુડાના આ લાખાભાઈ ગઢવી હેમુભાઈની ખોટ પૂરવાના યથાશક્તિ પ્રયાસ કરવા લાગ્યા. તેમના અનેક જાહેર કાર્યક્રમોમાં હેમુભાઈને યાદ કરીને તેઓએ પોતાની શૈલિથી સાહિત્યની લહાણ કરી. જગતે તેને પૂરા ભાવથી આવકારી તથા બીરદાવી. જીવનના આઠ દાયકાની સફળ યાત્રા કરીને લાખાભાઈ હમણાંજ આપણી વચ્ચેથી વિદાય થયા. લોકસાહિત્યનું એક ઝળાહળા વટવૃક્ષ ધરાશાયી થયું. લાખાભાઈની વિદાય અનેક ચાહકો – સાહિત્ય પ્રેમીઓને આકરી લાગી. જાંબુડા ગામના અનેક પુણ્યશ્ર્લોક લોકોની યાદીમાં લાખાભાઈનું નામ ઝળહળે છે. મેઘાણી કેન્દ્રનો હેમુ ગઢવી એવોર્ડ લાખાભાઈને પૂ. મોરારીબાપુના હસ્તે તા. ૧૧/૦૯/૨૦૧૬ના રોજ રાજકોટ મુકામે આપવાનું નકકી થયેલું છે. આ બાબતનો આનંદ સ્વાભાવિક રીતે જ અનેક સાહિત્ય પ્રેમીઓને થયો છે.

કેટલીક સંસ્થાઓનું એ સદભાગ્ય હોય છે કે સંતનો સ્નેહ તે સંસ્થાને નિરંતર મળતો રહે છે. મેઘાણી કેન્દ્ર તે રીતે ધન્યભાગી છે. પૂ.મોરારીબાપુના કરકમળથી ૧૨ મી માર્ચ-૨૦૧૨ના રોજ મેઘાણીકેન્દ્રનું દીપ પ્રાગટ્ય થયું. બાપુની પ્રેરક ઉપસ્થિતિમાં દરેક એવોર્ડ વિતરણના કાર્યક્રમો થયાં. કેન્દ્રની પ્રતિષ્ઠા તેના કાર્યો થકી વૃધ્ધિ પામી છે. રાજય સરકારની લોકસાહિત્યની સરવાણીને જીવંત તથા સમૃધ્ધ બનાવવા માટેની આ અનોખી પહેલને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ સહર્ષ ઝીલી છે અને કેન્દ્રના કાર્યને ગતિ તેમજ બળ પૂરા પાડેલા છે. યુનિવર્સિટીના ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર શ્રી મહેન્દ્રભાઈ પાડલીયા તથા હાલના વાઈસ ચાન્સેલર શ્રી પ્રતાપસિંહ ચૌહાણે અસરકારક નેતૃત્વ પૂરું પાડેલું છે. આજીવન સરસ્વતી ઉપાસક ડૉ. બળવંત જાની તથા કાર્યશીલ અધ્યાપક ડૉ.અંબાદાન રોહડિયાની કાળજી અને નિષ્ઠા કેન્દ્રની સિધ્ધિઓમાં જોવા મળે છે. પ્રતિષ્ઠિત હેમુ ગઢવી એવોર્ડ પ્રથમ લોક સાહિત્ય જગતના ઉજવળ નામ સમાન પદ્મશ્રી દિવાળીબેન ભીલને ૨૦૧૫ના વર્ષમાં આપવામાં આવ્યો. ૨૦૧૬ના વર્ષનો હેમુ ગઢવી એવોર્ડ લાખાભાઈ ગઢવીના ફાળે જાય છે. શ્રી ઝવેરચંદ મેઘાણીની સ્મૃતિમાં પણ દર વર્ષે મેઘાણી એવોર્ડ આપવામાં આવે છે. આ વર્ષનો મેઘાણી એવોર્ડ શ્રી શિવદાનભાઈ ઝુલાને ફાળે જાય છે. ઝુલા સાહેબે સરકારી સેવા સાથે સાથે સાહિત્યની પણ આજીવન સેવા કરેલી છે. ઉત્તર ગુજરાતની ભૂમિના આ સંતાન પર માતા સરસ્વતીના આશીર્વાદ ઉતરેલા છે. ઉમ્મર તથા શારીરિક તકલીફોની પરવા કર્યા સિવાય શિવદાનજીએ પોતાનું સર્જનકાર્ય આગળ ધપાવ્યું છે. ઉત્તર ગુજરાતના ઘણાં સર્જકોની પ્રભાવી રચનાઓનો પરિચય આપણે શિવદાનભાઈના લખાણો થકી પામી શકયા છીએ. શિવદાનભાઈ પહેલા મેઘાણી એવોર્ડ સર્વ શ્રી ભગવાનદાસ પટેલ, હસુભાઈ યાજ્ઞિક, કનુભાઈ જાની, શાંતિભાઈ આચાર્ય તથા જોરાવરસિંહ જાદવ જેવા સુપ્રતિષ્ઠિત વિદ્વાનોને આપવામાં આવેલો છે.

સમાજમાં અનેક પ્રકારના કાર્યક્રમોનું આયોજન થતું રહે છે. સમાજનો એક મોટો વર્ગ નાટક– સંગીત–નૃત્ય જેવા કલાના સ્વરૂપને માણતો પણ હોય છે. આવી અલગ અલગ પ્રકારની અનેક પ્રસ્તુતિઓમાં લોકસાહિત્યનું એક જૂદુ સ્થાન જોવા મળે છે. લોકસાહિત્ય થકી આપણાં સંસ્કાર–સંસ્કૃતિની અનેક વાતો બહોળા જન સમૂદાય સુધી પહોંચી છે. હેમુ ગઢવી એવોર્ડ આવી સમાજ ઉપયોગી સાહિત્ય સેવા માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મેઘાણીકેન્દ્ર તરફથી આપવામાં આવે છે. લાખાભાઈ તથા




ભીખુદાનભાઈ (જૂનાગઢ) જેવા આપણાં મોટા ગજાના સાહિત્ય મર્મીઓએ સમાજમાં સંસ્કાર સિંચન થાય તેવી વાતો કરી છે. લાખાભાઈ ઘણાં વર્ષો સુધી તેમના સમયના સૌથી વધારે લોકપ્રિય કલાકાર રહ્યાં. આવું સ્થાન આટલા વર્ષો સુધી જાળવી રાખવું તે સામાન્ય ઘટના નથી. લાખાભાઈ સાથે કાર્યક્રમોમાં ભાગ લેનાર કલાકારો પાસેથી અવારનવાર એ વાત સાંભળવા મળી છે કે લાખાભાઈ હમેશા પોતાની તથા સાથી કલાકારોની ગરિમા જળવાય તે બાબતમાં સજાગ રહેતા હતા. આકાશવાણીમાં લાખાભાઈનું રેકોર્ડિંગ સારા એવા પ્રમાણમાં છે. લાખાભાઈનો બુલંદ કંઠ આજે પણ રેડિયો પર ગાજતો – ગૂંજતો રહે છે. હેમુભાઈએ ફિલ્મી ગીતોમાં પદાર્પણ કર્યુ અને તેની એક જૂદી ભાત પણ લોકો જોઈ શક્યા. પરંતુ દૂર્ભાગ્યે હેમુભાઈ ત્યારબાદ લાંબુ રહ્યાં નહિ. લાખાભાઈએ આ દિશામાં ઠાઠથી પ્રયાણ કર્યુ અને ફિલ્મોમાં પોતાનો સુરીલો કંઠ રેલાવ્યો. આઈએનટી જેવી સુપ્રસિધ્ધ સંસ્થાના નાટકોને પણ લાખાભાઈના સ્વરે શોભાયમાન કર્યા. પિતાના રામાયણના સંસ્કાર લાખાભાઈને મળ્યા હતા. રામાયણ તથા સૌરાષ્ટ્રની રસધાર અને કાગવાણીની અનેક રચનાઓ આ દેવીપુત્રના ગળે શોભતી હતી.

આજે તો અનેક નવા ચહેરાઓ લોકસાહિત્યના આ ક્ષેત્રમાં પ્રવેશ્યા છે અને તેમને ભારે સફળતા પણ મળેલી છે. આ યુવાન કલાકારો આપણાં સાહિત્યનું ઉજળું ભવિષ્ય સૂચવે છે. આ બધી ઉજળી ધરોહર વચ્ચે લાખાભાઈની વિદાય એ એક ભાતીગળ વટવૃક્ષ જેવા વ્યક્તિત્વની વિદાય છે. દુષ્કાળ સો વર્ષે પડે તોય આકરો લાગે તેવી આ બાબત છે. પૂ.આઈ શ્રી સોનબાઈમા તથા ભગતબાપુની પ્રસન્નતા લાખાભાઈએ ભરપૂર મેળવી હતી. આવી કૃપા દ્રષ્ટિ એ લાખાભાઈની ખરી મૂડી છે. સાહિત્ય પ્રેમીઓના વિશાળ સમૂહમાં દિલમાં લાખાભાઈનું સ્થાયી સ્મારક રચાયેલું છે. લાખાભાઈ ગયા તેનો અફસોસ તો સાહિત્ય જગતમાં સર્વત્ર છે.

મીઠપવાળા માનવી
જગ છોડી જાશે,
કાગા એની કાણ,
ઘરોઘર મંડાશે.

# માનવીય સંબંધો ઊભા કરવામાં અને તોડવામાં વાણી જ મહત્ત્વની બની રહે છે

'શું થશે હવે ?' છાયાએ પુછ્યું.

'હવે શું થાય ? થવાનું હતું તે થઈ ગયું ? પતિ મુકેશે મનની મુંઝવણ દૂર કરવાનો ભાવ સાથે કહ્યું.'

'એમ નહિ પણ આવું એ લોકો કેમ કરી શકે? આપણે કાંઈક તો વિચારીએ! સહજભાવે પત્નીએ દલીલ કરી.'

'આટલા વરસો જેમની સાથે હૈયાની હૂંફે રહ્યા એમની સામે કોર્ટ-કચેરીમાં જઈને શું કરવાનું ?'

'હું એમ નથી કહેતી પણ...'

'જવા દે દોસ્ત, જૈન પરિવારમાં જન્મ લીધો છે તો દર વર્ષે પર્યુષણમાં મિચ્છામી દુક્કડમ્ કહીએ છીએને, આમ કહેવાનો નહિ, જીવવાનો દિવસ આવ્યો છે એમ માનીને એમને એમના કર્મોને સહારે છોડ.' જાણે કોઈ મહારાજ સાહેબ સૂત્ર આપતા હોય એવી વાત મુકેશે સરળતાથી કરી દીધી ને છાયા મૌન થઈ ગઈ.

માનવ વસ્તીથી સતત ઊભરાતા જતા મહાનગરો પૈકીના એક નગરની વાત છે. આજકાલ સંયુક્ત કુટુંબની પ્રથા નાશ પામતી જાય છે એવા સમયે આ જૈન પરિવાર દાયકાઓથી સંયુકત રીતે રહેતો હતો. ગામની વચમાં જ ત્રણ માળનું જુનવાણી મકાન હતું. પરંતુ એમાં ઘરની ગૃહિણીઓને જરુરી તમામ આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ હતી. ઘરના વડીલો, યુવાનો અને બાળકો તથા મહેમાનો માટે રૂમમાં પુરતી સુવિધાઓ હતી.

રૂઢીચુસ્ત અને પરંપરાવાદી વિચારો હોવા છતાં ઘરના પુત્ર મુકેશે એને પરિચયમાં આવનાર યુવતી છાયા સાથે પ્રેમલગ્નની વાત કરી તો ઘરના સહુએ સ્વીકારી લીધી એટલો ઉદાર પણ ઘરનો અને વડીલોનો માહોલ હતો. દાદાએ ઊભા કરેલો વ્યાપાર સામ્રાજયનું બે ભાઈઓ અને પછીથી એમના પુત્રોએ સતત પરિવર્તનશીલ બનીને આગળ વધાર્યો હતો. ઉદ્યોગ જગત સાથે જોડાયેલું પ્રોડકશન હાઉસ પણ હતું અને ત્યાં પરિવારના વડીલ બેસતા. આ ઉપરાંત રોજિંદા ગૃહઉપયોગ સાથે જોડાયેલી ચીજવસ્તુઓની વિશાળ શોપ પણ એક સારા કોમ્પ્લેક્સમાં રોડ ઉપર હતી. ગામમાં સારી દુકાનો પૈકીની એ ગણાતી હતી. મુકેશનો અભ્યાસ ઓછો હતો પરંતુ કોઠાસૂઝ વધુ હતી. સરળ અને માયાળુ સ્વભાવ, કોઈના માટે સમય અને પૈસાથી ઘસાઈ છુટવાની આદતના કારણે એક પણ કલબમાં જોડાયા વિના એનું મિત્રવર્તુળ બહુ વિશેષ હતું. જે મિત્રો હતા એ બધા દિલવાળા જ હતા. સાહિત્ય અને સંગીતમાં પત્ની છાયા અને મુકેશને વિશેષ રૂચિ હતી. આ ઉપરાંત ધાર્મિક ગ્રંથોનો અભ્યાસ પણ ખરો. ધર્મને એના સાચા સ્વરુપમાં જ સમજવાની મથામણ એમાં અનાયાસ કરેલી એટલે પૂજા-સેવા-વિધિ વિધાનો કરે જરુર પણ એમાંથી ઉપર માનવતાના અને સત્કર્મના સંસ્કારો ઉપર એમના જીવનમાં વિશેષ ભાર મુકાયો હતો. છાયા અને મુકેશની બે દીકરીઓ અને એક દીકરો તથા એમના Cousins ના બાળકો માટે પણ ખુબ સારો સુમેળ હતો. પર્યુષણ - દીવાળી કે ધૂળેટી જેવા તહેવારોમાં પરિવાર અને મિત્રો સાથે મળીને આનંદ કરતા અને સુખેથી જીવતા. આજ સુધીમાં કયારેક ઘરમાં વાસણો ખખડે એ ન્યાયે મહિલાઓ વચ્ચે દલીલો કે સંવાદ થાય પણ વિવાદ નહિ - પુરુષો વચ્ચે પણ કયારેક આર્થિક બાબતે પ્રશ્નો થયાનું કે કોઈએ કર્યાનું સ્મરણ ન હતું.

એક દિવસ મુકેશ ઉપર અચાનક આભ ત્યારે તુટી પડ્યું જયારે રોજની માફક એ સવારે દુકાને ગયો તો એને પરિવારના સભ્યોએ કહ્યું કે, 'આજથી આપણે હવે આ દુકાન બંધ કરીએ છીએ અને તમારે તમારી રીતે નવી આર્થિક વ્યવસ્થા કરવાની છે.' ઘડીક તો ચિતભ્રમ જેવી હાલત થઈ ગઈ - સ્વસ્થતા પ્રાપ્ત બાદ વિગતે જાણી તો વાત એમ હતી કે એમના કઝિન્સે આખી દુકાનનો કબજો લઈ લીધો હતો. લે એની સામે વાંધો નહિ પરંતુ મુકેશને બેસવા કે ધંધો કરવા કોઈ સ્થળ પણ આપ્યું ન હતું. ઘરમાં - દુકાનમાં કયાંયે એવું નામ વારસાઈમાં હતું જ નહિ, એની ખબર પણ એને આ દિવસોમાં જ થઈ - એટલે દુકાનના પગથિયાં ઉતર્યા વિના ઈલાજ ન હતો. ઘરમાં પરણવા લાયક બે દીકરીઓ અને નાના દીકરાનો અભ્યાસનો ખર્ચો જ મ્હોં ફાડીને સામે ઊભો હતો. એવા સમયે લેખના આરંભે લખેલો સંવાદ થયો હતો.

કહેવાય છે કે ટોચ પરથી કોઈ ધક્કા મારે ત્યારે ઈશ્વર કાં તો ઊડતા શીખવાડી દે છે અથવા નીચે કોઈ ઝીલનાર આવી જાય છે. આમના કિસ્સા જ બંને બાપતો થઈ. ફરીથી એકડા ઘુંટવા મુકેશ તૈયાર થયો. છાયાને તો પોતાની આવડતના જોરે આર્થિક રીતે પગભર થવાની આવડત અભ્યાસના જોરે હતી જ એ પણ કામે લાગી - થોડા સ્નેહીઓએ સપોર્ટ કર્યો ફરી ગૃહ વ્યવસ્થા અને વ્યાપાર ધીરે ધીરે નવા સ્થળે - નવા સંદર્ભે ગોઠવાતા ગયા દીકરીઓ પણ અભ્યાસમાં મન પરોવતી થઈ અને જીવનનું ગાડુ ફરી યોગ્ય માર્ગે - યોગ્ય ગતિમાં આગળ




ચાલતું થયું. મુકેશ અને છાયાએ જૈન ધર્મના સિદ્ધાંતોને અને સામાજિક સત્યોને જીવવા પ્રયાસ કર્યો અને તેઓ સફળ થયા. પરિણામે બાકીના વર્ષોમાં જે સગા-સ્નેહીએ એમને અન્યાય કર્યો. એમના તરફ વેર કે કટુતા રાખવાને બદલે એમને ક્ષમા આપીને એમણે હકારાત્મકતાને જ પોતાના જીવનમાં આપ્યું અને પરિણામે આજે ફરીથી એમના જીવનમાં ભલે મધ્યાહન થયો એમ નહિ પરંતુ નૂતન સૂર્યનો ઉજાસ તો જરુર થયો છે.

ભગવાન મહાવીરે કહ્યું છે 'ધર્મ એ સ્વભાવ છે.' આજના સમયમાં જ નહિ, કોઈ પણ સમયે એ વાત સત્ય પુરવાર થાય એટલી શાશ્વત છે.

આપણા જીવનના રોજિંદા અનુભવો અને અવલોકનોનો અભ્યાસ કરીએ તો સમજાય છે કે માણસને બીજું કોઈ દુ:ખી કે સુખી કરે એનાથી વધુ એનો સ્વભાવ અને દુ:ખી કે સુખી કરે છે. જયારે આપણા જીવનમાં કોઈ ઘટના ઘટે છે ત્યારે એ ઘટનાની અસરો આપણા મન મસ્તિષ્ક કે લાગણી પર, દિલ પર કેવી અને કેટલી પડવા દેવી એ આખરે વ્યક્તિના પોતાના પર આધારિત છે.

ભગવાન મહાવીરની આરાધના પર્વ પર્યુષણ પુરુ થયું. સમસ્ત વિશ્વના લોકો માટે હૈયામાં સમતાનો મૈત્રીનો સંદેશ ફેલાવનાર પર્વ એટલે પર્યુષણ. કર્મના મર્મને ભેદનારું - રાગ-દ્વેષની ગ્રંથિને તોડનારું પર્વ એટલે પર્યુષણ. આપણે સામેના પાત્રને ક્ષમા ત્યારે જ આપી શકીએ જયારે આપણે એના સ્વભાવને સમજી લઈએ અને આપણા સ્વભાવને પણ સમજી લઈએ. રાગ-દ્વેષ-મોહ માયાથી પીડિત થઈને વાણીવર્તનથી કોઈને આઘાત પહોંચાડવો એ સામેની વ્યક્તિનો સ્વભાવ હોય તો માફી આપવી - પ્રેમ કરવો - જતું કરવું અને કરૂણા વહાવવી એ આપણો ધર્મ હોઈ શકે. આ વાત જ સમજણ આવે ત્યારે જીવન સરળ અને સહજ બને છે.

વાણી માનવને મળેલ શ્રેષ્ઠ ઈશ્વરી બક્ષિસ છે. વાણી કઠોર બને તો સંબંધો તોડે છે અને મધુર બને તો સંબંધોને મજબૂત બનાવે છે. કોઈની જીભ કાતરથી કાપવાનું ને કોઈની જીભ સોયથી સાંધવાનું કામ કરે છે. મોટાભાગે માનવીય સંબંધો ઊભા કરવામાં અને તોડવામાં વાણી જ મહત્ત્વની બની રહે છે.

મન-વચન-કાયા-કર્મથી જે કોઈને આપણાથી દુ:ખ પહોંચ્યું હોય તેમની ક્ષમા માગવી કદાચ સહેલી છે, પરંતુ જેમણે આપણી સાથે આ પ્રકારે

અનુસંધાન પાના નં. ૭ પર